પ્રાપ્તિ તારીખઃ ૧૮ /૧૧/૨૦૧૭

નોંધ્યા તારીખઃ૧૮ /૧૧/૨૦૧૭

ફેંસલ તારીખઃ૦૧ / ૦૫ /૨૦૨૬

સમય – વર્ષ માસ દિવસ.

૦૮ ૦૫ ૧૩

માંગરોલના એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.માંગરોલ.

ફોજદારી કેસ નંબર : ૩૬૧૦ / ૨૦૨૧
આંક : –

ફરીયાદી	શ્રી સરકાર
	વિરૂધ્ધ
આરોપી	અમૃતભાઈ મગનભાઈ ચૌહાણ. રહે. પીપોદરા, તા. માંગરોલ, જી.સુરત.
ગુન્હો	ઈ.પી.કો.ક. ૪૦૮ મુજબ.
ફરીયાદપક્ષ	વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.આર. વસાવા.
બચાવપક્ષે	વિધ્વાન વકીલ શ્રી વી.ડી. મૈસુરીયા.

– ઠરાવ –

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા– ૨૭/૦૭/૧૯૯૩ થી તા.૧૭/૦૧/૧૯૯૪ દરમ્યાન પોસ્ટ ઓફિસના રેકર્ડમાં છેકછાક તેમજ સુધારા વધારા કરી કુલ રૂ.૨૧,૫૮૭/– ની રકમની ઉચાપત કરેલ અને પાછળથી રૂ.૨૧,૨૦૦/– પોસ્ટ ઓફિસમાં જમા કરી બાકીના રૂ.૩૮૭/– ની ઉચાપત કરી પોસ્ટ ઓફિસ સાથે

વિશ્વાસઘાત કરી ગુનો આચરેલ, જેથી આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.ક. ૪૦૫ હેઠળના ગુના બાબતે ફરીયાદ નોંધવામાં આવેલ હતી.

(૨) આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટડ કરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો.ક. ૪૦૮ ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) અદાલતમાં ચાર્જશીટ રજુ થતાં આરોપીને સમન્સ કાઢવામાં આવતાં આરોપી નામ. કોર્ટમાં રૂબરૂ હાજર થતાં તેઓને તેમની વિરૂધ્ધ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ, આરોપી સામેના ગુનાનું તહોમતના મા ની વિગતથી વાંચી, સંભળાવી, સમજાવતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતાં તેઓનું નિવેદન નોંધાવવામાં આવેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

મૌખિક પુરાવા

૧.	ફરીયાદી યાકુબ વલીભાઇ પટેલ ની જુબાની.	આંક– ૧૭
૨.	સાહેદ ગોપાલભાઇ ચતુરભાઇ પટેલની જુબાની.	આંક –૭૦

દસ્તાવેજી પુરાવા

૧.	અરજી તથા જવાબો.	આંક–૨૧, ૨૨,૨૩
૨.	મની ઓર્ડરની પાવતી.	આંક–૨૪
૩.	પક્ષકારને આપેલ રસીદ.	આંક–૨૫
૪.	કમીશનની પહોંચ.	આંક–૨૬
૫.	પોસ્ટ ઓફિસના રેકર્ડમાં સુધારો.	આંક–૨૭
૬.	પક્ષકારને આપેલ રસીદ.	આંક–૨૮
૭.	મની ઓર્ડરની પાવતી.	આંક–૨૯
૮.	મની ઓર્ડર તથા કમીશનની રસીદ.	આંક–૩૦ થી ૩૭
૯.	ડેઇલી એકાઉન્ટ.	૬૨

૧૦.	લેખિત ફરીયાદ.	૬૩

(૫) ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો આપવો નથી તેવું મૌખિક રીતે જાહેર કરેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષનો રજૂ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીનું ક્રિમી.પ્રોસી.કોડની કલમ ૩૧૩ મુજબ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ ફરિયાદપક્ષના કેસનો સંપૂર્ણ રીતે ઈન્કાર કરી ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. તે બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૭) કેસની હકીકતો બંને વિ.વ.શ્રીઓની દલીલો લક્ષ્યમાં લેતાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયા છે .

<u>**– મુદ્દા –**</u>

૧. શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીએ ગઈ તા– ૨૭/૦૭/૧૯૯૩ થી તા.૧૭/૦૧/૧૯૯૪ દરમ્યાન પોસ્ટ ઓફિસના રેકર્ડમાં છેકછાક તેમજ સુધારા વધારા કરી કુલ રૂ.૨૧,૫૮૭/– ની રકમની ઉચાપત કરેલ અને પાછળથી રૂ.૨૧,૨૦૦/– પોસ્ટ ઓફિસમાં જમા કરી બાકીના રૂ.૩૮૭/– ની ઉચાપત કરી પોસ્ટ ઓફિસ સાથે વિશ્વાસધાત કરી ઈ.પી.કો.ક. ૪૦૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭.૧) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :– નકારમાં.

મુદ્દા નં. ૨ :– આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે

– કારણો –

(૯) મુદ્દા નં. ૧:

(૯.૧) ફરીયાદપક્ષે આંક – ૧૭ થી ફરીયાદી યાકુબ વલીભાઇ પટેલનાઓને સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ તેમની સરતપામાં જણાવેલ છે કે, હું ૧૯૯૪ માં સબ ડિવિઝનલ ઈન્સ્પેક્ટર તરીકે કોસંબામાં ફરજ બજાવતો હતો. મારી ફરજમાં પોસ્ટ ઓફિસ ઈન્સ્પેક્શન કરવાના વિઝીટ કરવાની તેમ જ ગેરેરીતિઓની તપાસ કરવાની તેમજ ફરિયાદોની તપાસ કરવાની હતી. તેમજ અમારા એસએસપી સાહેબ જે કામગીરીઓ સોંપે તે કરવાની હતી. હું અમૃતલાલ મગનલાલ ચૌહાણને ઓળખું છું તેઓ બ્રાન્ચ પોસ્ટ માસ્તર પીપોદરામાં ફરજ બજાવતા હતા તેઓ ૭/૧૯૯૩ થી ૧/૧૯૯૪ સુધી ત્યાં કામ કરતા હતા. તેઓ કોઇ વ્યક્તિ જે મની ઓર્ડર કરવા આવે ત્યારે તે અસલ રસીદ પાર્ટીને આપતા અને તેમાં પાર્ટીએ આપેલ રકમ લખતા અને કેટલીક રકમમાં છેક છેક કરી ભરેલ રકમ ઓછી કરી નાખતા. તેઓએ આશરે ૨૪,૫૮૭/–ની ઉચાપત કરેલી. આ ઉચાપત અંગે મને ખાતાકીય તપાસ મારા ઉપરી અધિકારીએ મને સોંપેલ મારી ખાટા કે તપાસ દરમિયાન મેં રસીદો તેમજ હિસાબ ચેક કરેલો મને આ કેસ ને લગતું રેકોર્ડ લાવવા માટે સૂચના આપવામાં આવે છે તે અનુસંધાને મેં અમારા ઉપરી અધિકારી સિનિયર સુપ્રિટેન્ડન્ટ જનરલ પોસ્ટ ઓફિસ સુરતનાઓને આ અંગે લેખિતમાં જાણ કરેલી જે તારીખ ૨૮/૧૧/૨૦૧૧ ના રોજ ની અરજી કરેલી. તેમજ કોસંબા પોસ્ટ ઓફિસમાં પણ મેં આ કાગળો માટે અરજી મોકલેલી તો ત્યાંથી સિનિયર સુપ્રિટેન્ડન્સ સુરતનાઓએ આ કેસને લખતા કાગળો મિસ પ્લેસ થયા છે તેવું જણાવેલ છે. તેમજ સબ ડિવિઝન વાળાઓએ પોસ્ટ ઓફિસનાઓને કોર્ટ કેસને લગતા કાગળો નહીં મળતા હોવાનો પત્ર લખેલો જેની એક કોપી મને આપેલી. મોકલેલ અરજી અને બંને ઓફિસ માંથી આવેલ જવાબ હું રજુ કરું છું તે ત્રણેય દસ્તાવેજ આંક–૨૧, ૨૨ તથા ૨૩ આપવામાં આવે છે. અસલ દસ્તાવેજ મળી આવતા નથી પરંતુ મને તેની ફોટો કોપી બતાવવામાં આવે તો તે જોઈને હું આ કેસ અંગેની વિગત કહી શકું. મને ફોટો કોપી બતાવવામાં આવે છે તે જોઈને હું કહું છું કે તારીખ

૨૭/૧૦/૧૯૯૩ ના રોજ પીપોદરા બ્રાન્ચ ઓફિસની મની ઓર્ડરની પાવતી નંબર–૬૭ માં રૂ.૨,૦૦૦ પ્લસ રૂ.૧૦૦/– મળી કુલ રૂપિયા ૨,૧૦૦/– થયેલ છે તેના આરોપી મારફતે અને તેની સહીથી થયેલ છે જે પક્ષકારને આપેલાની કોપી છે તે આંક–૨૪ થી રજુ છે. વધુમાં સદરહું ફરીયાદીએ જણાવેલ છે કે, પક્ષકારને આપેલ રસીદની ઓસીમાં આરોપી સુધારો કરતો હતો તેના રૂપિયા ૨,૧૦૦/– ને બદલે તેમાં રૂપિયા ૨૧૦/– લખેલું છે અને જે પોસ્ટ ઓફિસમાં રેકોર્ડમાં સુધારો કરેલો તેમાં પોતે સહી કરેલ અને ખોટી સિક્કો મારેલ જે રસીદ હું રજુ કરું છું. તેમજ મને રસીદ નંબર–૩૮ તારીખ– ૨૨/૧૨/૧૯૯૩ ની બતાવામાં આવે છે તેમાં પક્ષકારને રૂપિયા ૧,૨૦૦ પ્લસ ૬૦ કમિશન મળી રૂપિયા ૧,૨૬૦ ની પહોંચ આપી છે અને તેના તેમણે સહિત સિક્કો છે તે પહોંચ આંક–૨૬ થી રજૂ છે પોસ્ટ ઓફિસમાં રેકોર્ડમાં સુધારો કરી રૂપિયા ૧૨૦ પ્લસ ૬ લખેલ છે તેમાં પણ તેની સહી અને સિક્કો છે જે રજૂ દાખલ આંક–૨૭. તેમજ મને પોસ્ટ ઓફિસની બ્રાન્ચ ઓફિસની રસીદ નંબર–૯૯, તારીખ–૯/૧૧/૧૯૯૩ ના રોજની રૂપિયા ૧,૦૦૦/– તેમજ કમિશન પેટે ૫૦ આમ કુલ રૂપિયા ૧૦૫૦/– ની પક્ષકારની રસીદની ઝેરોક્ષ બતાવવામાં આવે છે જેમાં આરોપીની સહી તથા સિક્કો છે જે આંક–૨૮ થી રજુ છે. તેમજ પોસ્ટ ઓફિસમાં રાખવાની ઓસી બતાવવામાં આવે છે તેમાં મની ઓર્ડર ની રકમ રૂપિયા ૧૦૦ અને કમિશન રૂપિયા ૫ એમ રૂપિયા ૧૦૫ રૂપિયાનું પ્રસિદ્ધ છે જેમાં આરોપીની સહી અને પોસ્ટનો સિક્કો છે જે આંક–૨૯ થી રજુ છે તેમ જ મને પીપોદરા પોસ્ટ ઓફિસથી bank of baroda ની રસીદ નંબર–૮૦ બતાવવામાં આવે છે તેમાં પક્ષકારની રસીદમાં મની ઓર્ડર પેટે ૧૦૦૦/– તેમજ કમિશન પેટે રૂપિયા ૫૦/– બતાવે છે જે રસીદ તારીખ ૪/૧/૧૯૯૪ ની છે તેમાં આરોપીની સહી તથા પોસ્ટનો સિક્કો છે જે રજુ દાખલ આંક– ૩૦. તેમજ તે રસીદના અનુસંધાને પોસ્ટની ઓફિસ કોપી કઢાવવામાં આવે છે તેમાં મની ઓર્ડર ની રકમ રૂપિયા ૧૦૦/– તથા કમિશનની રકમ રૂપિયા ૫ લખેલ છે જે રસીદમાં આરોપીની સહી તથા પોસ્ટનો સિક્કો છે જે આંક–૩૧ થી રજૂ છે મને પીપોદરા પોસ્ટ ઓફિસની બ્રાન્ચ ઓફિસની રસીદ નંબર–૯૫ માં આવે છે. જે તારીખ ૬/૧૧/૧૯૯૩ ની છે જેમાં મની ઓર્ડરની રકમ રૂપિયા

૧,૫૦૦/– તેમજ કમિશનની રકમ રૂપિયા ૭૫ આમ કુલ રૂપિયા ૧,૫૭૫/– લખેલ છે તેમાં આરોપીની સહી તથા પોસ્ટનો સિક્કો છે જે રસીદ પક્ષકાર પાસેથી લીધેલી તેની ઝેરોક્ષ રજૂ કરીએ છીએ. જે આંક–૩૨ થી રજૂ છે મને રસીદ નંબર–૯૫ ની ઓફિસ કોપી બતાવવામાં આવે છે તેમાં મનીગ ઓર્ડર ની રકમ રૂપિયા ૧૫૦ લખેલ છે જેનું કમિશનની રકમ રૂપિયા આઠ લખેલ છે અને તે રસીદમાં છેકછાક કરેલ છે જે રસીદમાં આરોપીની સહી તથા પોસ્ટનો સિક્કો છે જે રસીદની ઝેરોક્ષ આંક–૩૩ થી રજૂ છે.વધુમાં સદરહું ફરીયાદીએ જણાવેલ છે કે, મને પીપોદરા પોસ્ટ ઓફિસની રસીદ નંબર–૨૮ તારીખ ૨૮/૧૨/૧૯૯૩ ની પોસ્ટ ની રસીદ બનાવવામાં આવે છે તેમાં મની ઓર્ડરની રકમ રૂપિયા ૨૦૦ અને કમિશનની રકમ ૧૦ રૂપિયા એમ કુલ રૂપિયા ૨૧૦ ની રસીદ છે જેમાં આરોપીની સહી તથા પોસ્ટનો સિક્કો છે જે આંક–૩૪ થી રજુ છે. રસીદની અંદર પક્ષકારે રૂપિયા ૨,૦૦૦/– નું મની ઓર્ડર કરેલું તે પેટે કમિશન રૂપિયા ૧૦૦ ચૂકવેલો જે મેં ફરિયાદ કરતી વખતે રેકોર્ડ જોયેલું તેના આધારે કહું છું મને પીપોદરા પોસ્ટ ઓફિસની રસીદ નંબર–૫૫ તારીખ –૨૩/૧૦/૧૯૯૭ બતાવામાં આવે છે તે ઝેરોક્ષ નકલ છે અને તે રસીદ મેં પક્ષકાર પાસેથી મેળવેલી જે રસીદમાં મની ઓર્ડર ની રકમ રૂપિયા ૨,૦૦૦ અને કમિશનની રકમ રૂપિયા ૧૦૦ લખેલ છે જેમાં આરોપીની સહી તથા પોસ્ટનો સિક્કો છે જે રસીદ આંક–૩૫ થી રજુ છે તેમજ રસીદ નંબર–૫૫ ની ઓફિસ કોપી રજૂ કરું છું જે આંક–૩૬ થી રજુ છે તેની અંદર મની ઓર્ડર ની રકમ રૂપિયા ૨૦૦ અને કમિશન રૂપિયા ૧૦ લખેલ છે જેમાં પોસ્ટનો સિક્કો અને સહી છે મને પીપોદરા પોસ્ટ ઓફિસથી રસીદ નંબર–૩૯ તારીખ ૨૨/૧૨/૧૯૯૩ ની ઓફિસ કોપી બતાવવામાં આવે છે તેમાં મની ઓર્ડરની રકમ રૂપિયા રૂપિયા ૧૨૦ અને કમિશન રૂપિયા ૬ લખેલ છે જેમાં પોસ્ટ નો સિક્કો તથા આરોપીની સહી છે જે આંક–૩૭ થી રજૂ છે આ રસીદમાં પક્ષકારને રૂપિયા ૧૨૦૦ ની રસીદ આપેલી અને કમિશન પેટે રૂપિયા ૬૦ લીધેલા જેથી પક્ષકારની નકલ મારી પાસે હાલ નથી પરંતુ ફરિયાદ કરતી વખતે મેં અમારું અસલ રેકર્ડ જોઈ લખાવેલ. આ કામે એમોએ ફરીયાદની સાથે પીપોદરા બ્રાન્ચ પોસ્ટ ઓફીસમાં ડેઈલી એકાઉન્ટસ તારીખ ૨૭/૧૨/૨૦૧૦, ૨૩/૧૨/૨૦૧૦,

૦૯/૧૧/૨૦૧૩, ૦૩/૧૨/૨૦૧૪ વિગેરે તારીખ ૩૧/૧૨/૨૦૧૩ સુધીના કુલ્લે ૧૩ ડેઇલી એકાઉન્ટ મને બતાવવામાં આવે છે તે જોઇને કહુ છું કે તે એમોએ રજુ કરેલ તે તેજ છે તેમાં રોજે રોજના પીપોદરા બ્રાન્ચ પોસ્ટની આવેલ રકમની જુદી જુદી રકમના ડેઇલી એકાઉન્ટસ છે તેમાં પીપોદરા પોસ્ટ ઓફીસનો રાઉન્ડ સીલ છે જે હુ ઓળખી બતાવુ છું. સદરહુ ૧૩ ડેઇલી એકાઉન્ટને સંયુકત રીતે આંક-૬૨ આપવામાં આવે છે.વધુમાં સદરહું ફરીયાદીએ જણાવેલ છે કે, આ કામે એમોએ આરોપી એમૃતલાલ મગનલાલ ચૌહાણ ની વિરૂધ્ધમાં કોસંબા પોસ્ટેમાં લેખીતમાં ફરીયાદ આપેલ. મને ઝેરોક્ષ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છું.ઝેરોક્ષ ફરીયાદને બચાવપક્ષની સમંતીથી રજુ દાખલ આંક-૬૩ આપવામાં આવે છે. હું આકામના આરોપીને ઓળખું તેઓ એને હુ પોસ્ટ વિભાગમાં કામ કરતાં હતાં તેથી ઓળખુ છું.

સદરહું ફરીયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ મને યાદ નથી કે આ કામે આ કામના આરોપી તારીખ ૨૭/૦૭/૧૯૯૩ થી તારીખ ૧૭/૦૧/૧૯૯૪ સુધી પીપોદરા પોસ્ટ ઓફીસમાં નોકરી કરતાં હતાં તેવુ દર્શાવતો પુરાવો રજુ કરેલો છે કે કેમ. એ વાત મને યાદ નથી કે તા.૨૭/૦૭/૧૯૯૩ થી તારીખ ૧૭/૦૧/૧૯૯૪ સુધી નો પોસ્ટનો રેકર્ડ તપાસેલ છે કે કેમ. એ વાત ખરી છે કે મારી સદર કેસ બાબતે તપાસનીસ એધિકારી તરીકે નિમણુક કરેલી. એ વાત મને યાદ નથી કે એમોએ ફરીયાદ સાથે મારી નિમણુકનો હુકમ રજુ કરેલો હતો કે કેમ. એ વાત મને યાદ નથી કે નિમણુક થયેલ નો હુકમ એને તેની તારીખ ફરીયાદમા લખેલ છે કે કેમ. મે બી.એસ.સી. સુધી એભ્યાસ કરેલો છે. એ વાત ખરી છે કે મે આ કામે હું કોસંબા પોસ્ટ વિભાગ માં ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતો હતો તેવુ દર્શાવવા માટે મે કોઇ દસ્તાવેજ રજુ કરેલ નથી. મારી ફરજમાં મારા તાબાની જે પોસ્ટ ઓફીસ હોય તેમાં વર્ષમાં એક વખત ઇન્સ્પેકશન કરવાનુ આવતુ હતુ એને મને સિનિયર સુપ્રિટેન્ડન્ટ ની સુચના મુજબ કામ કરવાનુ હતું. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં મે મારે વર્ષમાં એક વખત તાબાની પોસ્ટ ઓફીસમાં ઇન્સપેકશન કરવાનુ

કામગીરી કરવાની હોતી તેવુ મારી ફરીયાદમાં મે લખાવેલ નથી. એ વાત ખરી છે કે તા.૨૭/૦૭/૧૯૯૩ થી તારીખ ૧૭/૦૧/૧૯૯૪ સુધી ના સમયગાળા દરમ્યાન આ કામના આરોપી ઉપર એમોએ કે એમારા કોઇ કર્મચારી ઓફીસરે ફરીયાદ કરેલી હોય તેવો કોઇ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. એ વાત મને યાદ નથી કે તા.૨૭/૦૭/૧૯૯૩ થી તારીખ ૧૭/૦૧/૧૯૯૪ સુધી ના સમયગાળા દરમ્યાન આ કામના આરોપી ઉપર કોઇ પોસ્ટ ઓફીસમાં આવતાં સ્વતંત્ર વ્યકિત કે એથવા મની ઓર્ડર કરનાર વ્યકિતઓએ ફરીયાદ કરેલ છે કે નહી. એ વાત ખરી છે કે તા.૨૭/૦૭/૧૯૯૩ થી તારીખ ૧૭/૦૧/૧૯૯૪ સુધી ના સમયગાળા દરમ્યાન આ કામના આરોપી ઉપર કોઇ પોસ્ટ ઓફીસમાં આવતાં સ્વતંત્ર વ્યકિત કે એથવા મની ઓર્ડર કરનાર વ્યકિતઓએ ફરીયાદ કરેલ હોય તેવો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે એમોએ તારીખ ૧૭–૦૧–૧૯૯૪ થી ૦૩–૦૪–૧૯૯૪ સુધી આરોપી વિરૂધ્ધ કોઇ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે ૭૭ દિવસ ફરીયાદ મોડી કરવા પાછળનુ કારણ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે એમોએ પીપોદરા પોસ્ટ ઓફીસમાં ચોક્કસ કઇ તારીખે તપાસ કરેલી તેની તારીખ મે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે રજુ કરેલા આંક ૨૧ થી આંક–૩૭ સુધી ના દસ્તાવેજો એમોએ કે એમારા વિભાગ દ્વારા એફએસએલમાં મોકલવામાં આવેલ નથી.

(૯.૨) ફરીયાદપક્ષે આંક – ૭૦ થી સાહેદ ગોપાલભાઇ ચતુરભાઇ પટેલનાઓને સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ તેમની સરતપામાં જણાવેલ છે કે, હુ સને ૧૯૯૪ ની સાલમાં કોસંબા પો.સ્ટે.મા. પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હતો કોસંબા પો.સ્ટે.ના પી.એસ.ઓ. દીનકરભાઇ ભાઉરાવ પાટીલનાઓએ કોસંબા પો.સ્ટે. ફ.ગુ.ર. નં. ૬૩/૧૯૯૪, ઈ.પી.કો. ક. ૪૦૮ મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ થવા માટે પી.એસ.આઇ. જે.પી. બારડનાઓને ડેપ્યુટ કરેલ. તેઓએ આ કામના ફરીયાદીની પાસેથી મેળવેલા દસ્તાવેજો, પોસ્ટના મની ઓર્ડરની રીસીપ્ટ, ડેઈલી એકાઉન્ટસ

વિગેરે દસ્તાવેજો મેળવેલા અને આ કામના આરોપીને અટક કરી મુદત અંદર નામદાર કોર્ટ કસ્ટડીમાં રજુ કરેલ. ત્યારબાદ તેઓએ લાગતા વળ ગતા સાહેદોના નિવેદનોમાં બેગનપ્રસાદ નિસાદ, શિવદર્શન શ્રીરામ પટેલ, સં તોષકુમાર સિધ્ધનાથનાઓના નિવેદનો લીધેલા. ત્યારબાદ ચાર્જશીટ કરવાની બાકી હતી તે દરમ્યાન તેઓની બદલી થતા અમો કોસંબા પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે હાજર થતા આગળની તપાસ અમોએ સંભાળી લીધેલી. વધુમાં સદરહું ફરીયાદીએ જણાવેલ છે કે,તપાસ દરમ્યાન આ કામના ફરીયાદી યાકુબ વલી પટેલનાઓને તા. ૪/૪/૧૯૯૪ ની ફરીયાદ વં ચાણે લીધેલી તે મુજબ આ કામના આરોપી અમૃતભાઈ મગનભાઈ ચૌહાણનાઓએ તા. ૨૭/૩/૧૯૯૩ થી તા. ૧૭/૧/૧૯૯૪ દરમ્યાન પીપોદરા ગામે આવેલ પોસ્ટ ઓફીસમાં પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પોસ્ટ ઓફીસના રેકર્ડસમાં છેકછાક તેમજ સુધારા વધારા કરી રુપીયા ૨૧,૫૮૭–૦૦ ની રકમની ઉચાપત કરેલ અને ત્યારબાદ રુ. ૨૧ ,૦૦૦–૦૦ પુરા પાછળથી પોસ્ટ ઓફીસમાં જમા કરેલ અને બાકીના રુપીયાની ઉચાપત કર્યા અંગેની વિગતવાર ફરીયાદ ફરીયાદીએ લેખીતમાં આપેલી. મને આંક– ૬૩ થી રજુ થયેલ ફરીયાદ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તે ફરીયાદ અમોને તપાસના કામે મળેલ તે જ ફરીયાદ છે જે હુ ઓળખી બતાવુ છુ. સદરહુ લેખીત ફરીયાદના આધારે પી.એસ.ઓ. કોસંબા પો.સ્ટે.નાઓએ કોસંબા પો.સ્ટે.માં કોસંબા પો.સ્ટે. ફ.ગુ.ર. નં. ૬૩/૧૯૯ ૪, ઈ.પી.કો. ક. ૪૦૮ મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરી એફ.આઈ. આર. નોંધેલ. મને અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં પી.એસ.ઓ. કોસંબા પો.સ્ટે. તરીકેની સહી દીનકરભાઈની છે જે હુ ઓળખી બતાવુ છુ. જે અસલ એફ.આઈ.આર.ને રજુ દાખલ આંક– ૭૧ આપવામાં આવે છે. વધુમાં સદરહું સાહેદે જણાવેલ છે કે, ત્યારબાદ અમોને તપાસમાં

મળેલ પીપોદરા પોસ્ટ ઓફીસના લેઝર, ડેઈલી એકાઉન્ટ, પોસ્ટ ઓફીસની રસીદો વિગેરે દસ્તાવેજો વંચાણે લીધેલ. મને આંક– ૨૧,૨૨,૨૩ થી ૩૭ તથા ૬૨ વાળા દસ્તાવેજો બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે મને તપાસના કામે મળેલા તે જ દસ્તાવેજો છે. તમામ દસ્તાવેજોનો અભ્યાસ કરતા આ કામના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરતા પુરાવા પડતા હોય અમોએ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આ કામના તપાસ કરનાર અમલદાર પી.એસ.આઈ. શ્રી જે.પી.બારડનાઓ ગુજરી ગયેલ છે તેની મને માહીતી છે. વધુમાં સદરહું સાહેદે જણાવેલ છે કે, વિશેષમા જણાવુ છુ કે આ કામના સાહેદો બેગનપ્રસાદ નિસાદ, શિવદર્શન શ્રીરામ પટેલ, સંતોષકુમાર સિધ્ધનાથનાઓને ૨૦૧૭ થી સમન્સ વોરંટની બજવણી કરવા છતા સમન્સ વોરંટ બજેલ નથી અને તેઓ ફરીયાદ વખતના સરનામે રહેતા નથી તેમજ સદરહુ ઈસમો મળી આવેલ નથી તે વિગતના શેરાઓ સાથે નામદાર કોર્ટમાં સમન્સ વોરંટ પરત આવેલ છે તેમજ આજરોજ નામદાર કોર્ટમા આવેલ કોર્ટ ડયુટી ધ્વારા ફોન ઉપર કોન્ટેકટ કરવાની અમોએ તપાસ કરનાર અમલદાર તરીકે તપાસ કરેલ છે પરંતુ કોન્ટેકટ નંબરથી સંપર્ક થઈ શકેલ નથી.

સદરહું સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આંક– ૨૧, ૨૨, ૨૩ થી ૩૭ તથા ૬૨ વાળા દસ્તાવેજો ઝેરોક્ષ છે અસલ દસ્તાવેજો નથી. એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી ધ્વારા ફરીયાદ ૭૭ દીવસ લેટ કરવા પાછળનુ કારણ તપાસમાં ખુલેલુ નથી. એ વાત ખરી છે કે ફરીયાદી પોસ્ટ ખાતાના અધિકારી છે. એ વાત ખરી છે કે આ કામે મની ઓર્ડ કરવા આવનાર કોઈ ખાનગી વ્યઢિ કતએ ફરીયાદ આપેલી નથી. એ વાત ખરી છે કે મે કોઈ તપાસ કરેલી નથી.

એ વાત ખરી છે કે જે કંઈ તપાસ કરેલી તે બારડ સાહેબે કરેલી છે. એ વાત ખરી છે કે મે આ કામે ચાર્જશીટ કરેલુ છે.

(૧૦) ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકા પરથી પુરવાર કરવાનો હોય છે. આ કામે ફરિયાદી દ્વારા કરવામાં આવેલી ફરિયાદ જોવામાં આવે તો તે આંક–૬૩થી રજૂ કરવામાં આવેલી છે જેમાં ફરિયાદીના જણાવ્યા મુજબ અમૃતલાલ મગનલાલ ચૌહાણ બ્રાન્ચ પોસ્ટ માસ્તર પીપોદરા તાલુકો માંગરોળ જીલ્લો સુરત તરીકે ૨૭/૦૭/૧૯૯૩ થી ૧૭/૦૧/૧૯૯૪ સુધી કામ કરતા હતા અને આ દરમિયાન તેઓએ પોસ્ટ ઓફિસ રેકર્ડમાં છેક–છાક તેમજ સુધારા–વધારા કરીને બ્રાન્ચ પોસ્ટ ઓફિસ નંબર એમ.એસ. ૮૭–એ–૩ કે જે મનીઓર્ડર મોકલવા માટે ઈસ્યુ કરવામાં આવે છે તેમાં રકમો અને લેનાર વ્યક્તિના નામોમાં સુધારા કરી કુલ રૂપિયા ૨૧,૫૮૭/– ની ઉચાપત કરેલ હોવાનું તેઓ દ્વારા ફરિયાદમાં જણાવેલું છે અને તેઓ દ્વારા ફરિયાદમાં જુદી જુદી ૧૫ પ્રકારની રસીદો સંબંધે ઉલ્લેખ કરેલો છે જે જોવામાં આવે તો,

રસીદ નંબર– ૬૭ તારીખ ૨૭/૧૦/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં આરોપીએ પ્રથમ રૂપિયા ૨,૦૦૦/– મનીઓર્ડર ના તથા કમિશનના ૧૦૦/– રૂપિયા એમ ૨,૧૦૦/– રૂપિયા ની રસીદ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં મનીઓર્ડર લેનાર તરીકે શ્રી રામપ્રસાદ નિશાદ અને મોકલનાર તરીકે બેચરપ્રસાદ નિશાદ ના નામે ઈસ્યુ કરવામાં આવેલી જેમાં ઓફિસ કોપીમાં આરોપીએ આંકડા અને શબ્દોમાં રકમ સુધારી ૨૦૦/– + ૧૦/– રૂપિયા કમિશન એમ ૨૧૦/– સુધારી રૂપિયા ૧,૮૯૦/– ની ઉચાપત કરેલ છે.

રસીદ નંબર–૩૮ તારીખ ૨૨/૧૦/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં આરોપીએ પ્રથમ રૂપિયા ૧,૨૦૦/– અને કમિશનના ૬૦/– એમ કુલ રૂપિયા ૧,૨૬૦/– લેનાર શ્રી હરિવંશ શ્રી યાદવ અને મોકલનાર ને આ રસીદ ઈસ્યુ કરવામાં આવેલી અને તેમાં તેઓએ પોસ્ટ ઓફિસની છાપ મારી બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે તેમની સહી કરી આપેલી પરંતુ ઓફિસ

કોપીમાં સુધારો કરી ૧૨૦/– + ૬/– રૂપિયા કમિશનના એમ ૧૨૬/– નો સુધારો કરી રૂપિયા ૧,૧૩૪/– ની ઉચાપત કરેલી.

રસીદ નંબર–૯૯ તારીખ ૦૯/૧૧/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં ૧,૦૦૦/– રૂપિયા પ્લસ કમિશનના ૫૦/– એમ ૧,૦૫૦/– ની મનીઓર્ડર લેનાર તરીકે ઇન્દ્રનાથ તિવારી અને મનીઓર્ડર મોકલનાર તરીકે દયાશંકર તિવારી ના નામે ઇસ્યુ કરવામાં આવેલી અને સ્થળપ્રતમાં સો રૂપિયા મની ઓર્ડરના અને પાંચ રૂપિયા કમિશનના એમ ૧૦૫/– નો સુધારો કરેલો અને મને ઓર્ડર ની રકમ મોકલવામાં ન આવી રૂ. ૧,૦૫૦/– ની ઉચાપત કરેલી.

રસીદ નંબર–૮૦ તારીખ ૦૪/૦૧/૧૯૯૪ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં મનીઓર્ડર ના ૧,૦૦૦/– અને કમિશનના ૫૦/– એમ કુલ ૧,૦૫૦/– ની મની ઓર્ડર લેનાર નું નામ અશોકકુમાર તથા મોકલનાર નું નામ શ્રી શાંતિલાલ પ્રસાદ ના નામે ઇસ્યુ કરેલી અને તેમાં સ્થળપ્રતમાં રકમમાં સુધારો કરી ૧૦૦/– રૂપિયા પ્લસ ૫/– રૂપિયા કમિશન એમ ૧૦૫/– નો સુધારો કરેલો અને ૯૪૫/– ઓછા જમા કરાવેલા.

રસીદ નંબર–૯૫ તારીખ ૦૬/૧૧/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી અને તેમાં ૧,૫૦૦/– રૂપિયા મની ઓર્ડરના અને ૭૫/– રૂપિયા કમિશનના મની ઓર્ડર લેનાર તરીકેનું નામ સિધ્ધનાથ પ્રસાદ અને મોકલનાર તરીકેનું નામ સંતોષકુમાર ના નામે ઈસ્યુ કરવામાં આવેલી અને તેમાં સ્થળપ્રતમાં આંકડા તથા શબ્દોમાં સુધારો કરી મનીઓર્ડર ૧૫૦/– અને કમિશન ૮/– એમ ૧૫૮/– જમા કરાવેલા આમ કુલ રૂપિયા ૧,૪૧૭/– ની ઉચાપત કરેલી

રસીદ નંબર–૨૮ તારીખ ૨૮/૧૨/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં મની ઓર્ડર ના ૨,૦૦૦/– અને કમિશનના રૂ. ૧૦૦/– એમ ૨,૧૦૦/– નો મનીઓર્ડર લેનાર ડી ગુરુદાસ તથા મોકલનાર ના નામે ઈસ્યુ કરવામાં આવેલી આ રકમમાં સ્થળપ્રતમાં સુધારો કરી મને ઓર્ડરના ૨૦૦/– અને કમિશનના ૧૦/– એમ ૨૧૦/– સુધારેલ અને રૂપિયા ૧,૮૯૦/– ઓછા જમા કરાવી આ રકમની ઉચાપત કરેલી.

રસીદ નંબર–૫૫ તારીખ ૨૩/૧૦/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી તેમાં મની ઓર્ડરના ૨,૦૦૦/– અને કમિશનના ૧૦૦/– એમ કુલ ૨,૧૦૦/– લેનાર લક્ષ્મી જહા અને મોકલનાર કાશનીભાઈ ના નામે ઈસ્યુ કરવામાં આવેલી અને તેમાં ૨૦૦/– અને કમિશનના ૧૦/– રૂપિયા એમ ૨૧૦/– નો સુધારો કરી રૂ. ૧,૮૯૦/– ની ઉચાપત કરવામાં આવેલી.

રસીદ નંબર–૩૯ તારીખ ૨૨/૧૨/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં મની ઓર્ડરના ૧,૨૦૦/– તથા કમિશન ૬૦/– એમ કુલ ૧,૨૬૦/– નો મનીઓર્ડર લેનાર શ્રી બાબા શ્રી દુર્ગા પ્રસાદ તથા મનીઓર્ડર મોકલનાર શ્રી યાદવ ના નામે ઈસ્યુ કરવામાં આવેલી જેમા સુધારો કરી મની ઓર્ડર ના ૧૨૦/– અને કમિશનના ૬/– રૂપિયા એમ ૧૨૬/– નો સુધારો કરી રૂપિયા ૧,૧૩૪/– ઓછા જમા કરાવી ઉચાપત કરેલી.

રસીદ નંબર–૬૮ તારીખ ૨૯/૧૨/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં મનીઓર્ડરના ૧,૫૦૦/– તથા કમિશનના ૭૫/– એમ કુલ ૧,૫૭૫/– ની મનીઓર્ડર લેનાર તરીકે કમલાભાઈ તથા મોકલનાર શ્રી હરિવંશ પ્રસાદ ના નામે ઈસ્યુ કરવામાં આવેલી જેની ઓફિસ કોપીમાં રૂપિયા ૧૫૦ ઓર્ડર ના તથા ૮/– રૂપિયા કમિશનના એમ કુલ ૧૫૮/– નો સુધારો કરી રૂ. ૧,૪૧૭/– ઓછા જમા કરાવી તે રકમની ઉચાપત કરેલી.

રસીદ નંબર–૩૨ તારીખ ૨૦/૧૧/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં મનીઓર્ડર ના ૨,૦૦૦/– તથા કમિશનના ૧૦૦/– એમ કુલ ૨,૧૦૦/– રૂપિયાનો મનીઓર્ડર લેનાર તરીકે પ્રભુજી યાદવ અને મોકલનાર તરીકે બોલાશે યાદવ ના નામે ઈસ્યુ કરવામાં આવેલી જેમાં સ્થળપ્રતમાં સુધારો કરી ૨૦૦/– રૂપિયા મનીઓર્ડર ના તથા ૧૦/– રૂપિયા કમિશનના એમ ૨,૧૦/– સુધારો કરેલો અને ઓછા જમા કરાવેલા એમ ૧,૮૯૦/– ઓછા જમા કરાવી તે રકમની ઉચાપત કરેલી.

રસીદ નંબર–૬૧ તારીખ ૦૩/૧૨/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં મની ઓર્ડરના ૧,૦૦૦/– રૂપિયા અને કમિશનના ૫૦/– એમ ૧,૦૫૦/– લેનાર રામસુરત પટેલ તથા મોકલનાર શિવદર્શન પટેલ ના નામે ઈસ્યુ કરવામાં આવેલી જેમાં સ્થળપ્રતમાં સુધારો કરી મનીઓર્ડર ના

૧૦૦/– અને કમિશનના ૫/– એમ ૧૦૫/– સુધારેલા અને ૯૭૫/– ઓછા જમા કરાવી તેટલી રકમની ઉચાપત કરેલી.

રસીદ નંબર–૮૪ તારીખ ૧૩/૧૨/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં મનીઓર્ડરના ૧,૧૦૦/– કમિશનના ૫૫/– એમ કુલ ૧,૧૫૫/– લેનાર શ્રીમતી જયાલાલુ યાદવ મોકલનાર શ્રી લાલુયાદવ ના નામની ઈસ્યુ કરવામાં આવેલી જેમાં સુધારો કરી ૧૦૦/– રૂપિયા મનીઓર્ડરના અને ૫/– રૂપિયા કમિશનના એમ ૧૦૫/– નો સુધારો કરી આ રકમ ઓછી જમા કરાવેલી અને તેની ૧,૦૫૦/– નીઉચાપત કરેલી.

રસીદ નંબર–૯૦ તારીખ ૧૩/૧૨/૧૯૯૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલી જેમાં ૨,૦૦૦/– ના અને ૧૦૦/– કમિશનના એમ ૨,૧૦૦/– ના મનીઓર્ડર લેનાર તરીકે અવરીસ તથા મોકલનાર તરીકે સલીમભાઈ ના નામે ઈસ્યુ કરવામાં આવેલી સ્થળપ્રતમા તેઓએ મનીઓર્ડરના ૨૦૦/– અને કમિશનના ૧૦/– રૂપિયાનો સુધારો કરી રૂપિયા ૧,૮૯૦/– ઓછા જમા કરાવી તે રકમની ઉચાપત કરેલી.

રસીદ નંબર–૮૨ તારીખ ૧૩/૧૨/૧૯૯૩ ના રોજ ૧,૦૦૦/– મનીઓર્ડર અને કમિશન ૫૦/– એમ કુલ ૧,૦૫૦/– નો મનીઓર્ડર મોકલનાર નું નામ વાંચી શકાય તે રીતે લખેલ નથી અને તેમાં સ્થળપ્રત માં શબ્દોમાં સુધારો કરીશ મનીઓર્ડર ૧૦૦/– રૂપિયા અને ૫/– રૂપિયા કમિશન એમ ૧૦૫/– જમા કરાવેલા અને ૯૪૫/– ઓછા જમા કરાવી તે રકમની ઉચાપત કરેલ છે.

આમ તેઓ દ્ધારા ઉચાપત કરેલ છે આમ તેઓ દ્ધારા કુલ રૂપિયા ૨૧,૫૮૭/–ની ઉચાપત કરી તારીખ ૧૦/૦૧/૧૯૯૪ થી ૧૯/૦૧/૧૯૯૪ સુધી તેમને સ્વેચ્છા ૨૧,૨૦૦/– જમા કરાવેલા અને તેમની પાસેથી ૩૮૭/– ની રકમ બાકી નીકળે છે તે મતલબની હાલની ફરિયાદ કરવામાં આવેલ છે.

હવે આ કામે આરોપી ઉપર કરવામાં આવેલ ઉપરોક્ત આક્ષેપ માં કરવામાં આવેલી ઉચાપત સંદર્ભે રજૂ કરવામાં આવેલ પુરાવા વંચાણે લેવામાં આવે તો આ કામે સૌપ્રથમ હાલના ફરિયાદીને આ આરોપી ઉપર હાલની ફરિયાદ કરવા સંદર્ભે તેઓને કોઈ સત્તા આપવામાં આવેલ હતી કે કેમ તે

જોવામાં આવે તો આ કામે હાલના આરોપી ઉપર ફરિયાદ કરવા માટે ફરિયાદીને સક્ષમ ઓથોરિટી દ્વારા આપવામાં આવેલી સત્તા સંદર્ભે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલો નથી.

હવે આરોપી આક્ષેપિત સમયગાળા દરમિયાન પીપોદરા પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા હતા તેવું દર્શાવવા માટે તેઓનો તે પોસ્ટ ઓફિસમાં પોસ્ટિંગ થયેલ હોય કે તેઓની ત્યાં નિમણૂક કરેલી હોય કે તેઓએ ત્યાં આક્ષેપિત કામગીરી કરવાની હોય તેવું દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલો નથી. આમ આરોપી ગુના વાળી જગ્યાએ ગુનો કરતી વખતે ફરજ બજાવતા હતા તેવું દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલો નથી.

હવે ફરિયાદમાં આરોપી ઉપર જે આક્ષેપ કરવામાં આવેલા છે તે આક્ષેપ સંદર્ભે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો ફરિયાદી દ્વારા આ કામે આંક–૨૧ થી ૩૭ અને આંક–૬૨ વાળા પુરાવા રજૂ કરવામાં આવેલા છે આ પુરાવા જોવામાં આવે તો તે ઝેરોક્ષ સ્વરૂપે ના છે અને આંક–૨૧ વાળો પુરાવો જોવામાં આવે તો તેમાં ફરિયાદી દ્વારા તેઓની સંબંધીત કચેરીએ થી અસલ દસ્તાવેજોની માગણી કરતો પત્ર લખેલો તે રજૂ કરવામાં આવેલ છે અને આંક–૨૨ માં આ દસ્તાવેજો મિસ પ્લેસ થયેલા છે મળી આવતા નથી દેવું દર્શાવેલું છે અને આંક–૨૩ માં ઓફિસમાં આ દસ્તાવેજો મળી આવતા નથી તેઓ દર્શાવેલું છે આમ આ કામે આરોપી ઉપર આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે જે દસ્તાવેજો રજૂ કરવામાં આવેલા છે તે દસ્તાવેજો અસલ સ્વરૂપે ના નથી આમ પુરાવાના કાયદામાં કરવામાં આવેલી જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ દસ્તાવેજ અદાલત સમક્ષ અસલ સ્વરૂપે રજૂ કરવો જોઈએ પરંતુ આ કામે આવા કોઈ અસલ દસ્તાવેજ રજૂ કરવામાં આવેલ નથી કે રજૂ કરેલા દસ્તાવેજો ને ગૌણ પુરાવા તરીકે વંચાણે લેવા માટે કોઈ રજૂઆત કરવામાં આવેલી નથી તેમજ ફરિયાદી દ્વારા ઉલટ તપાસમાં સ્વીકારેલું છે કે તારીખ ૨૭/૦૭/૧૯૯૩ થી તારીખ ૧૭/૦૧/૧૯૯૪ સુધીના સમયગાળા દરમિયાન આરોપી ઉપર કોઈ પોસ્ટ ઓફિસમાં આવતા સ્વતંત્ર વ્યક્તિ કે મનીઓર્ડર કરનાર વ્યક્તિઓએ ફરિયાદ કરેલ હોય તેઓ કોઇ પુરાવો આ કામે રજૂ કરેલ નથી તેમ જ તેઓના કોઈ કર્મચારીએ ફરિયાદ

કરેલ હોય તો તેવા કોઈ દસ્તાવેજો આ કામે રજૂ કરવામાં આવેલ નથી ત્યારબાદ આ કામે ચાર્જશીટ કરનાર અધિકારીને તપાસવામાં આવેલા છે. તેઓના જણાવ્યા મુજબ આ કામના સાહેદો બેગમ પ્રસાદની તથા શિવદર્શન તથા શ્રીરામ પટેલ તથા સંતોષકુમાર તથા સિધ્ધનાથનાઓ ૨૦૧૭ ની સાલથી મળી આવતા નથી. આમ આ કામે રજૂ થયેલા પુરાવા ઉપરથી આરોપી દ્વારા આક્ષેપિત ગુનો કરેલો હોય તેઓ લેશમાત્ર પુરાવો મળી આવતો નથી કે આ કામે કોઈ સાહેદ મળી આવેલ નથી આથી આરોપી ઉપર આક્ષેપિત ગુનો પુરવાર થઈ શકે નથી આથી મુદ્દા નંબર–૦૧નો જવાબ નકારમાં ઠરાવી આખરી મુદ્દા સંદર્ભે નીચે મુજબનું હુકમ ફરમાવવામાં આવે છે.

– આખરી હુકમ –

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.ક. ૪૦૮ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ સમયના રૂા. ૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા. ૦૧ થી માહે મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(જે.એસ. પરમાર)
એડી. ચીફ જયુડીશીયલ મેજી.,
માંગરોલ, જી.સુરત.
(Judge Code: GJ01155)